PHONES:
Patan : 230808, 221347
Mobile : 9104579531, 9104579532
: 9427621777
E-mail :dpbros123@gmail.com
Website:http://dpthakker.com/

**D.P.THAKKER & CO.**
TAX ADVOCATES
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265

---

તારીખ-૦૨-૧૨-૨૦૨૪

ભાઈશ્રી,

તાજેતરમાં GST કાયદામાં કરવામાં આવેલ સુધારાઓ માંથી અમારા ક્લાયન્ટસ ને લાગું પડતા મુખ્ય સુધારાઓ નીચે મુજબ છે.

૧) GST માં રજીસ્ટર્ડ હોય તેવા વેપારી રહેવાના મકાન સિવાયની કોમર્શીયલ પ્રોપર્ટી જેવી કે દુકાન, ગોડાઉન, વખાર, કોલ્ડ સ્ટોરેજ, હોસ્પિટલ બિલ્ડીંગ, મેડીકલ સ્ટોર,શેડ, ફેક્ટરી વગેરે નું GST નંબર ન હોય તેવી વ્યક્તિને ભાડું ચુકવેતો આવા ભાડાની રકમ ઉપર તા.૧૦/૧૦/૨૦૨૪ થી ૧૮% (SGST૯% તથાCGST૯% ) પ્રમાણેRCM ભરવો ફરજીયાત છે અને આવી રીતે ભરેલ RCMનીઈનપુટ ટેક્સ ક્રેડીટ નિયમો આધીન મળવા પાત્ર થાય છે.

પરંતુ જેમને ભાડું ચુકવતા હોઈએ તે વ્યક્તિ GST માં રજીસ્ટર્ડહોય તો ભાડું લેનાર વ્યક્તિએ ફોરવર્ડ ચાર્જ હેઠળ GST ભરવાનો થાય અને ભાડું ચુકવનારે કોઈRCM ભરવાનો ન થાય. જેની સમજ નીચેના ટેબલ માં આપેલ છે.

| ભાડું ચુકવનાર | ભાડું લેનાર | GST ભરવાની જવાબદારી |
|---|---|---|
| રજીસ્ટર્ડ પર્સન | અનરજીસ્ટર્ડ પર્સન | ભાડું ચુકવનારે RCM હેઠળ GST ભરવાનો થાય |
| રજીસ્ટર્ડ પર્સન | રજીસ્ટર્ડ પર્સન | ભાડું લેનારે GST ભરવાનો થાય |
| અનરજીસ્ટર્ડ પર્સન | રજીસ્ટર્ડ પર્સન | ભાડું લેનારે GST ભરવાનો થાય |
| અનરજીસ્ટર્ડ પર્સન | અનરજીસ્ટર્ડ પર્સન | GST ભરવાની જવાબદારી નહી આવે. |

જે વેપારી GST માં લમ્પસમ પરમીશન ધરાવતા હોય તેમ ણે પણ કોમર્શિયલ મિલકતનું ભાડું ચુકવે તો RCM ભરવો પડે અને ભરેલ RCMની ક્રેડીટ મળે નહી.

D.P.THAKKER & CO.

GST રજીસ્ટર્ડ પર્સન જયારે અનરજીસ્ટર્ડ પર્સન પાસેથી RCM ભરવાપાત્ર માલ કે સર્વિસ મેળવે ત્યારે SELF TAXINVOICE એક માસમાં બનાવવું ફરજીયાત છે અને GSTR-1માં તેની બીલ નંબર સાથેની વિગત લખવી ફરજીયાત છે.

૨) <u>GST એમ્નેસ્ટી સ્કીમ:-</u>

(૧) જે વેપારી ને સને ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ નાવર્ષો માટે કલમ 73 હેઠળ નોટીસ મળેલ હોય અથવા સદર વર્ષોનો એસેસમેન્ટ ઓર્ડર થયેલ હોય તો આવી નોટીસ કે અસેસમેન્ટ ઓર્ડરમુજબ ભરવાપાત્ર વેરો ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં ભરવામાં આવે અનેGST PORTAL ઉપર SPL- 1 અથવા SPL – 2 ફોર્મમાં (જે લાગુ પડતું હોય તે) અરજી કરવામાં આવે તો ભરવાપાત્ર વ્યાજ તથા દંડ માફ કરવામાં આવશે. એસેસમેન્ટઓર્ડર સામે જો અપીલ કરી હોય તો અપીલ પાછી ખેંચવી પડે.

(૨) GST એમ્નેસ્ટી સ્કીમ મુજબ નોટીસ કે ઓર્ડરમાં આકારવા માં આવેલ તમામ વેરો ભરપાઈ કરવામાં આવે તો જ વ્યાજ તથા દંડ માફ કરવામાં આવશે.

૩) લોખંડ / મેટલ નો ભંગાર HSN CODE 72 થી 81ની ખરીદી જો અનરજીસ્ટર્ડ(URD)પર્સન પાસેથી કરવામાં આવે તો આવી ખરીદી ઉપર જે તે દરેRCM ભરવો ફરજિયાત છે.

૪) અનરજીસ્ટર્ડપર્સન(URD) પાસેથી જે ખરીદી કરવામાં આવે અને આવા માલ કે સર્વિસ ઉપર કલમ૯(૩) તથા ૯(૪) મુજબ RCM ભરવાની જવાબદારી આવતી હોય તો આવી ખરીદીનું SELF TAXINVOICE ખરીદેલ માલ કે સર્વિસના એક માસ માં બનાવવું ફરજીયાત છે.

આવું SELFTAX INVOICE સીરીયલ નંબર સાથેનું બનાવવું ફરજીયાત છે. અને GSTR-1માં દરેક મહિના દરમિયાન ઈસ્યુ કરેલ સેલ્ફટેક્ષ ઈન્વોઈસ નંબર તથા રકમની વિગત આપવી ફરજીયાત છે.હાલમાં નીચે મુજબના માલકે સર્વિસ ઉપર RCM ભરવો ફરજીયાત છે

- ટ્રાન્સપોર્ટ ચાર્જ (GTA સર્વિસ ઉપર)
- એડવોકેટ ફી
- કાલા કપાસ
- તમાકુ પત્તા

D.P.THAKKER & CO.

- ➢ કોમર્સિયલ પ્રોપર્ટીના ભાડા ઉપર (દુકાન, ઓફીસ, વખાર, ગોડાઉન,હોસ્પિટલ, ફેક્ટરી વગેરે કોમર્શિયલ પ્રોપર્ટીના ભાડા)
- ➢ HSN CODE 72 થી 81 સુધીમાં આવતા લોખંડ-મેટલ ભંગારની અનરજીસ્ટર્ડ પર્સન પાસેથી કરેલ ખરીદી ઉપર

૫) HSN CODE 72 થી 81 સુધીની ભંગારની ખરીદી જો રૂ.૨,૫૦,૦૦૦/-થી (GST સિવાય) વધારે કોઈ રજીસ્ટર્ડ વેપારી જો બીજા કોઈ રજીસ્ટર્ડ વેપારી પાસેથી કરવામાં આવે તો આવી ખરીદીના પેમેન્ટમાંથી 1% SGST તથા 1% CGST= કુલ 2% ની TDS અને જો ગુજરાત બહારથી ખરીદ કરવામાં આવી હોય તો 2% IGST TDS કરવી ફરજીયાત છે.

૬) GST TDS કરેલ હોય તેનું TDS રીટર્ન GSTR-7 મહિનો પૂરો થાય તે પછીના મહિનાની ૧૦ તારીખ સુધીમાં ભરવું ફરજીયાત છે. GSTR-7મોડું ભરવા બદલ રોજનારૂ.૨૦૦/- લેખે દંડ થાય છે.

૭) ONLINE E-INVOICE બનાવવાની સમય મર્યાદા-

જે વેપારીનું સને ૨૦૧૭-૧૮ થી ૨૦૨૪-૨૫ સુધીમાં રૂ.૧૦૦/- કરોડથી વધારે ટર્નઓવરહશે તે વેપારી જે મહિનામાં વેચાણનું TAX INVOICE બનાવે તેનું E-INVOICE ૩૦ દિવસની અંદર બનાવવું ફરજીયાત છે.૩૦ દિવસ પછી E-INVOICE બની શકશે નહીં અને પછી ખરીદનાર વેપારીને આવા બીલમાં લાગેલ GSTની ઈનપુટ ટેક્સ ક્રેડીટ મળી શકશેનહીં.

- ➢ ૧/૦૪/૨૦૨૫ થી ૧૦૦ કરોડ ની લીમીટ ૧૦ કરોડ કરવામાં આવશે. એટલે કે જે વેપારીનું ટર્નઓવર ૧૦ કરોડ કે તેથી વધુ હોય તેમને પણ ઉપરની જોગવાઈ લાગુ પડશે.

કુશળ હશો.

લિ.

કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ

D.P.THAKKER & CO.